## ચૂંટણી ચોતરેથી

● અમદાવાદમાં કોંગ્રેસ દ્વારા યુવા સંવાદનો કાર્યક્રમ ૧૬મીએ યોજાશે. જેમાં કોંગ્રેસના યુવા નેતા જ્યોતિરાદિત્ય સિંધિયા યુવાનો સાથે સંવાદ કરશે.

● કારડિયા રાજપૂત સમાજનો વિવાદ પુનઃ સર્જાયો છે. દાનસંગ મોરીએ જીતુ વાઘાણીને માફી માંગવા માંગણી કરી હતી.

● ચૂંટણી પંચ દ્વારા આજથી કંટ્રોલ રૂમ આરંભાશે. સવારે સાડા દસથી સાંજના છ સુધી ૨૩૨૫૮૫૮૯ ફોન નંબર પર ચૂંટણી સંબંધી માહિતી મેળવી શકાશે.

● આજે પૂર્વ નાણાં મંત્રી પી. ચિદમ્બરમ સાંજે સાડા છ વાગે વેપારી મહામંડળ હોલ, અમદાવાદ ખાતે 'ભારતીય અર્થતંત્રની આજની સ્થિતિ' અંગે વકતવ્ય આપશે.

● વિધાનસભા ચૂંટણીની પ્રક્રિયા આજથી આરંભાશે. પ્રથમ તબક્કાની ૮૯ બેઠકોનું જાહેરનામું આજે પ્રસિધ્ધ થશે.

● રાહુલ ગાંધીએ હારીજમાં વાદી (મદારી) સમાજ સાથે વાર્તાલાપ કર્યો હતો.

● અરવિંદ કેજરીવાર પર બનેલી ફિલ્મ ચૂંટણી પહેલા ગુજરાતમાં નહી કરવાની વાત હાઈકોર્ટે ફગાવી દીધી છે.

● સુરતના વરાછાના ધારાસભ્ય કુમાર કાનાણીના કાર્યાલયમાં અજાણ્યા શખ્સોએ તોડફોડ કરી છે.

# મોદીને જનતા ઓળખી ગઈ : રાહુલ ગાંધી

## નોટબંધીમાં મોદીએ દેશના પ્રમાણિક લોકોને લાઇનમાં લગાવ્યા અને તમામ ચોરોના કાળા નાણાંને પાછલા બારણે સફેદ કરી નાંખ્યા : રાહુલના પ્રહારો

મહેસાણા,તા.૧૩
કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ ઉત્તર ગુજરાતના તેમના ચૂંટણી પ્રવાસના આજે ત્રીજા ડિસેમ્બરમાં ગુજરાતની જનતાની કોંગ્રેસની સરકાર આવશે તે નક્કી છે.રાહુલે ગુજરાતીમાં કહ્યું કે, ડિસેમ્બરમાં ગુજરાતમાં કોંગ્રેસની જણાવ્યું હતું કે, ભાજપના શાસનમાં ગુજરાતમાં ભ્રષ્ટાચાર, શોષણ અને અત્યાચાર ચરમસીમાએ છે. મોદીજી તેમના બોલવા પણ દેતા નથી, તેથી હવે સૂત્ર બદલાઈ ગયુ છે કે, ના બોલુંગા, ના બોલને દૂંગા. ગુજરાતમાં ખેડૂતો, ખેડૂતાના દેવા માફ કરવાનું નામ નથી લેતી. હજુ પણ મોદી સરકાર છ લાખ કરોડ રૂપિયાના દેવા માફ કરવાની છે. રાહુલ ગાંધીએ દિવસ સમાન ઘટના છે. કારણ કે, નોટબંધી દરમ્યાન ૧૦૦થી વધુ નિર્દોષ નાગરિકો મોતને ભેટયા અને લાખો લોકો બેરોજગાર થઈ સીધા સવાલો કરતાં જણાવ્યું હતું કે, મોદીજી દેશના યુવાઓ અને જનતાને એ સમજાવે કે, અમિત શાહના પુત્ર જય શાહની કંપની






દિવસે પાટણ, હારીજ, બહુચરાજી, મહેસાણા અને વિસગનર સહિતના સહિતના સ્થળોએ જાહેરસભા દરમ્યાન નોટબંધી- જીએસટી, શિક્ષણ, આરોગ્ય અને બેરોજગારીને લઈ મોદી સરકાર અને ભાજપ પર ફરી એકવાર ચાબખા વરસાવ્યા હતા. રાહુલ ગાંધીએ ભારે આત્મવિશ્વાસ સાથે જણાવ્યું હતું કે, ભાજપ કંઈપણ કરે પરંતુ ગુજરાતની જનતાએ આ વખતે પરિવર્તનનું મન બનાવી લીધું છે અને સરકાર આવે છે ત્યારે ઉપસ્થિત વિશાળ જનમેદનીએ રાહુલના આ એલાનને તાળીઓના ગડગડાટ અને ચિચિયારીઓ સાથે વધાવ્યું હતું. રાહુલે જણાવ્યું કે, માત્ર જૂઠ્ઠાણાંઓ ચલાવતાં અને લોકોની લાગણીઓ સાથે રમત રમતા નરેન્દ્ર મોદી અને ભાજપને ગુજરાત સહિત દેશની જનતા હવે ઓળખી ગઈ છે અને તેથી હવે ગુજરાતમાં બદલાવ આવી રહ્યો છે અને ડિસેમ્બરમાં કોંગ્રેસની સરકાર જ બનશે. રાહુલ ગાંધીએ વધુમાં મનની વાત જનતાને કરે છે પરંતુ અમે અમારા મનની વાત નહી કરીએ. આ વખતે ડિસેમ્બરમાં કોંગ્રેસની સરકાર બનવાની છે અને અમે જનતાના મનની વાત સાંભળીશું અને તેના બળના સહારે ગુજરાતની જનતાની સરકાર ચલાવીશું.

તેમણે ઉમેર્યું કે, મોદીજી કહેતા હતા કે, ના ખાઉંગા, ના ખાને દૂંગા પરંતુ હવે જય શાહ અને વિજય રૂપાણીના મામલે મોદીજી કંઈ બોલતા નથી અને આદિવાસીઓની જમીન, પાણી, વીજળી છીનવીને તેમના હક્કના પાણી, વીજળી અને જમીન મોદીના માનીતા ઉદ્યોગપતિઓને આપી દેવાય છે. નર્મદાનું પાણી ગુજરાતના મોટા ઉદ્યોગપતિઓને અપાય છે પરંતુ ખેડૂતો અને આદિવાસીઓને મળતું નથી. મોદી સરકાર અને ભાજપ વાયદાઓ કરે છે પરંતુ પાળતા નથી. મોદી સરકારે એક લાખ, ૩૫ હજાર કરોડ રૂપિયાના દેવા ઉદ્યોગપતિઓના માફ કર્યા પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આડા હાથે લેતાં જણાવ્યું કે, નોટબંધીએ ભારતીય લોકતંત્રના ઈતિહાસમાં સૌથી મોટી ભૂલ હતી અને સ્વયં મોદીજીએ હિન્દુસ્તાનના ખેડૂતો, મજૂરો, આદિવાસીઓ, નાના દુકાનદારો, વેપારીઓ, મહિલાઓ, બહેનો બધાને લાઈનમાં લગાવી દીધા અને બેંકોના પાછલા દરવાજેથી હિન્દુસ્તાનના તમામ ચોરોએ પોતાનું કાળુ નાણું સફેદ કરાવી દીધું. આ બહુ આઘાતજનક અને લોકશાહીના ઈતિહાસમાં કાળા ગયા. આટલુ ઓછું હોય તેમ નોટબંધીના પ્રહાર બાદ મોદી સરકારે જીએસટીનો વજ્રાઘાત લોકોને માર્યો, ખાસ કરીને નાના દુકાનદારો, વેપારીઓ અને મધ્યમ કદના ઉદ્યોગકારો ખતમ થઈ ગયા.

આ વખતે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહના પુત્ર જય શાહની કંપનીનો કરોડોનો નફો અને રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને સેબી દ્વારા દંડ ફટકારવાના મામલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને રૂ.૫૦ હજાર કરોડમાંથી રૂ.૮૦ કરોડનો નફો કરતી કેવી રીતે થઈ ગઈ? મુખ્યમંત્રી વિજય રૂપાણીને સેબીએ દંડ ફટકાર્યો તે મુદ્દે પણ મોદીજી કેમ કંઈ બોલતા નથી. જય શાહ અને રૂપાણી મુદ્દે કંઈક તો બોલો મોદીજી. જો તમે નહી બોલો તો, જનતા સમજી જશે કે, તમે ચોકીદાર નહી ભાગીદાર છો. રાહુલ ગાંધીએ શિક્ષણ, આરોગ્ય અને બેરોજગારીને લઈને પણ મોદી સરકાર અને ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા.

## રામના નામે તરવાના અભરખા છોડી ચિત્રકૂટની હારની ચિંતા કરે ભાજપ : પાર્થેશ પટેલ

જનવિકલ્પ પાર્ટીના પ્રવક્તા પાર્થેશ પટેલે જણાવ્યું હતું કે ભાજપની હારની શરૂઆત અન્ય કોઈને નહિ પણ ભગવાન શ્રી રામની ભૂમિ ચિત્રકૂટથી થઈ ગઈ છે. મધ્યપ્રદેશની ચિત્રકૂટ વિધાનસભા બેઠકની ચૂંટણીમાં ભાજપના ઉમેદવારનો પરાજય ૨૦૦-૫૦૦ મતોથી નહિ પણ ૧૪૦૦૦ જેટલા મતોથી કારમો પરાજય થયો છે. મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ આ બેઠક જીતવા અનેક પ્રયાસો કર્યા. છતાં ભાજપ વિરોધી વાતાવરણમાં ચિત્રકૂટને બચાવી શક્યા નથી. ગુજરાતમાં પણ મતદારોમાં ભાજપ વિરોધી વાતવરણ છે ત્યારે ગુજરાતની ચૂંટણીઓમાં ચિત્રકૂટવાળી થવાની જ છે તે નક્કી છે. મુખ્યમંત્રી વિજય રૂપાણી અયોધ્યા મેં રામ, યુવાઓ કો કામ ઔર કીસાનો કો દામની વાત કરી છે. મતદારો કહે છે કે ભાજપ હવે તો ભગવાન રામને છોડો. અયોધ્યામાં રામમંદિર બનાવ્યા વર્ષો સુધી મતદારોના મતો લીધા, સરકારો બનાવી, સત્તા ભોગવી છતાં રામલલ્લા હજુ પણ મંદિરની બહાર લાચાર થઈને બેઠા છે. ભાજપને ચૂંટણીઓ સમયે જ ભગવાન શ્રી રામ યાદ આવે છે. ચૂંટણીઓ પૂરી થયા પછી ભગવાન શ્રી રામને ભૂલી જાય છે તે સત્ય હકીકત છે. જે ભાજપ ભગવાનને ચૂંટણીઓ પત્યા પછી ભૂલી જતું હોય તો મતદારોને ભૂલી જ જાય તે સ્વાભાવિક છે. જે ભગવાનને ભૂલી જતું હોય ત્યાં મતદારો તો શું ચીજ છે? રામમંદિર બાંધવા સોમનાથથી શરૂ થયેલી ૧૯૯૦ની રામરથ યાત્રા ૨૭ વર્ષ પછી પણ હજુ અયોધ્યા પહોંચી નથી. ભાજપ રામના નામે ક્યા સુધી તરશે? ભાજપ ક્યા-ક્યા સુધી રામના નામે મતદારોને બેવકૂફ બનાવે છે?



### રાહુલે સુપ્રસિધ્ધ બહુચર માતાના આશીર્વાદ મેળવ્યા

રાહુલ ગાંધી આજે સાંજે ચારેક વાગ્યાની આસપાસ સુપ્રસિધ્ધ બહુચરાજી માતાજીના મંદિરના દર્શનાર્થે પહોંચ્યા હતા. રાહુલે માતાજીના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા. મંદિરના પૂજારીએ રાહુલ ગાંધીને કંકુનું તિલક લગાવી તેમને માતાજીની ચૂંદડી અર્પણ કરી આશીર્વાદ આપ્યા હતા. તે અગાઉ રાહુલે સવારે પાટણના કાલિકામૈયા અને વીર મેઘમાયાના દર્શન કર્યા હતા અને ત્યાંથી પ્રસિધ્ધ રાણીની વાવની મુલાકાત લઈ તેની ઐતિહાસિકતા જાણી હતી. રાહુલ ગાંધીએ રાણકી વાવના સ્થાપત્યથી પ્રભાવિત થઈ તેના ફોટા પણ પોતાના મોબાઈલમાં પાડયા હતા અને તેની સાથે સેલ્ફી લીધી હતી.

## મોદી સામે રાહુલનો હિન્દુત્વનો ચહેરો ૨૦૧૭માં નહીં તો ૨૦૧૯માં ભાજપ માટે ખતરો બની શકે

### મુસ્લિમોને દૂર રાખવાની કોંગ્રેસની આ શરૂઆત લોકસભા સુધીમાં રંગ લાવશે

કોંગ્રેસમાં પરિવર્તનનો પવન ફુંકાયો છે અને તેની શરૂઆત ગુજરાતથી થઈ છે. ગુજરાત એ ધર્મભૂમિ છે. કોંગ્રેસના પ્રદેશ નેતાઓ પણ તે સારી રીતે જાણે છે. ગુજરાતમાં મુસ્લિમોની વસતી ૮ થી ૧૦ ટકા ધારીએ તો પણ ભૂતકાળમાં મુસ્લિમોએ કોંગ્રેસને જ મત આપ્યા છે તેથી કોંગ્રેસનો ઝૂકાવ લધુમતિઓ પર હોય તે સ્વાભાવિક છે પરંતુ કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ બાજી બદલી નાંખી છે.

### હાલ દેશમાં જ્યાં હિન્દુ ધર્મસ્થાનો છે ત્યાં ભાજપના કમળ રોપાઇ ચૂક્યાં છેપ

એક તબક્કે ભાજપ કરતાં કોંગ્રેસમાં મુસ્લિમ લિડરોની મોટી ફોજ હતી. આજે કોંગ્રેસના મુસ્લિમો ભાજપ અને મોદીને વધારે પસંદ કરી રહ્યાં છે તેની પાછળનું કારણ મુસ્લિમોનો ઉપયોગ કોંગ્રેસે માત્ર વોટબેન્ક માટે કર્યો છે તેવો દાવો કરવામાં આવી રહ્યો છે. ગુજરાતમાં ૨૦૦૭ અને ૨૦૧૨ની વિધાનસભા ચૂંટણી તેમજ ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં રાજ્યના મુસ્લિમોએ ભાજપને વધુ મતો આપ્યા છે. કોંગ્રેસ આ બાબત સ્વિકારતી ન હતી પરંતુ લોકસભામાં જ્યારે ભાજપની તમામ ૨૬ બેઠકો પર જીત થઈ ત્યારે કોંગ્રેસે માન્યું કે મુસ્લિમ સમુદાય હવે કોંગ્રેસથી કિનારો કરવા લાગી છે. કોંગ્રેસને પણ મોડે મોડે સમજાયું કે મુસ્લિમો તેમને સાથ આપતા નથી.




કોંગ્રેસના ઉપાધ્યક્ષ હાલ ગુજરાતની ચૂંટણી હોવાથી રાજ્યભરના મોટા મંદિરોમાં ફરી રહ્યાં છે અને દર્શનનો લાભ લઈ રહ્યાં છે. રાહુલ ગાંધી પૂજાવિધિ પણ કરી રહ્યાં છે. મહત્વની બાબત એવી છે કે રાહુલ ગાંધીની ગુજરાતમાં ચોથીવારની મુલાકાત છે તેઓએ હજારો કિલોમીટરનો પ્રવાસ કર્યો છે પરંતુ આજ દિન સુધી કોઈ મસ્જીદમાં ગયા નથી તે સૂચક છે અને ભાજપ માટે પણ વિચારાધિન છે. જો કે ભાજપને હાલ કોઈ ભય એટલા માટે નથી કે- વિશ્વની સૌથી મોટી પાર્ટી ભાજપ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈતિહાસ સર્જ્યો છે. ભારતના રાજ્યોમાં શાસન વધતું જાય છે પરંતુ તેની સાથે એક બાબત એ નોંધપાત્ર બની છે કે રામ, કૃષ્ણ અને શિવ ઉપરાંત દેવભૂમિમાં સુશાસન આવ્યું છે.

રામજન્મભૂમિ, કૃષ્ણ જન્મભૂમિ, કાશી વિશ્વનાથ અને ઉત્તરાખંડની દેવભૂમિનો અનોખો સંયોગ થયો છે. ૧૨૫ વર્ષ જૂની કોંગ્રેસના મૂળિયા ભાજપે ઉખાડી નાંખ્યા છે. આ પાર્ટી માત્ર સિમ્બોલની આંગળી પર ધારાસભ્યની સંખ્યા ગણી શકે તેવી સ્થિતિ ઉત્તરપ્રદેશમાં છે. આજે જ્યારે કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી ગુજરાતના મંદિરો અને ધર્મસ્થાનોને ફરીને હિન્દુત્વ હોવાનો ડોળ કરે છે ત્યારે ભાજપે આ કામ ક્યારનું ય કરી નાંખ્યું છે. ભાજપે એ સાબિત કરી દીધું છે કે હિન્દુત્વની વાત કરશે તે આ દેશમાં રાજ કરશે. ૧૨૫ કરોડ હિન્દુસ્તાનીઓના દિલમાં ભાજપ રાજ કરે છે.

આજે ૧૭ રાજ્યોમાં ભાજપ અને તેની સંયોગિક પાર્ટીઓનું શાસન છે. આવનારા બે વર્ષમાં ગુજરાત, કર્ણાટક, હિમાચલ પ્રદેશ, નાગાલેન્ડ, મેઘાલય, ત્રિપુરા અને મિઝોરમમાં ચૂંટણી આવી રહી છે. ૨૦૧૯માં લોકસભાની ચૂંટણી છે અને તેમાં ભાજપે ન્યૂ ઈન્ડિયાનો કોલ આપ્યો છે. હવે પછીની ચૂંટણીમાં ભાજપ માટે ઉજળું વાતાવરણ છે. કહેવાય છે કે ઉત્તરપ્રદેશ એ દેશના ભાવિ વડાપ્રધાન તૈયાર કરે છે. દેશના રાજકારણમાં આ રાજ્યનું પ્રભુત્વ છે. નરેન્દ્ર મોદી ગુજરાતના છે અને દેશના વડાપ્રધાન બન્યા છે. ઉત્તરપ્રદેશમાંથી વડાપ્રધાન બને તેવી પરંપરાને તેમણે પણ તોડી છે. એટલું જ નહીં, ઉત્તરપ્રદેશનું સિંહાસન પણ ભાજપે સંપૂર્ણ બહુમત સાથે હસ્તગત કર્યું છે.

ભાજપનું શાસન જે રાજ્યોમાં છે ત્યાં માત્ર હિન્દુ મંદિરો કે હિન્દુ ભગવાન જ નથી, અન્ય ધર્મ જેવાં કે મુસ્લિમ અને ક્રિશ્ચિયન સંપ્રદાયના ધાર્મિક સ્થળો આવેલા છે. દેશની જનતાએ તમામ ધર્મોની રક્ષા કરવાની જવાબદારી ભાજપને સોંપી છે ત્યારે નાત-જાત કે ધર્મના વાડાથી પર રહીને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની સરકાર કામ કરી રહી છે. ભારતમાં જ્યાં ભાજપનું શાસન છે ત્યાં પણ ધર્મ આધારિત રાજનિતી ચાલી નથી. સમગ્ર દેશનો નકશો જોઈએ તો કોંગ્રેસ માત્ર પંજાબ, હિમાચલ પ્રદેશ, કર્ણાટકા, મેઘાલય અને મિઝોરમમાં રહી છે, જ્યારે ભાજપ અને તેના સાથી પક્ષોની સરકારમાં જમ્મુ

### ગુજરાતના મોટા મંદિરોમાં રાહુલ ગાંધીની પૂજા, આરતીથી ભાજપને ભય

કાશ્મિર, ઉત્તરાખંડ, ઉત્તરપ્રદેશ, ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ગોવા, સિક્કીમ, હરિયાણા, છત્તીસગઢ, આંધ્રપ્રદેશ, અરૂણાચલ પ્રદેશ, મણીપુર, નાગાલેન્ડ, આસામ અને ઝારખંડનો સમાવેશ થાય છે.

કોંગ્રેસમાં જ્યારે નેતૃત્વ પરિવર્તન થશે અને રાહુલ ગાંધી કોંગ્રેસના અધ્યક્ષ બનશે ત્યારે તેમની નજીકના સૂત્રોના જણાવ્યા પ્રમાણે તેઓ ગુજરાતમાં હિન્દુ મંદિરોમાં જાય છે તેમ દેશભરના હિન્દુ મંદિરોમાં તેઓનો આ પ્રયોગ ચાલુ રહેશે. જો તેમ થશે તો ૨૦૧૯માં મોદીના હિન્દુત્વ અને રાહુલના હિન્દુત્વની અત્યંત રસપ્રદ લડાઈ થશે.

# ભાજપમાં 'નો-રીપીટ' થિયરીની સંભાવના

### મોદી અને અમિત શાહ જુની ફોર્મ્યુલા અજમાવે તેવી અટકળો : સરકાર વિરોધી લહેર, નવા રાજકીય સમીકરણ તથા હાર્દિક, જિગ્નેશ અને અલ્પેશ દ્વારા ઉભા કરાયેલા પડકારો વચ્ચે કોઇ નવી રણનીતિ અજમાવાશે

ગાંધીનગર,તા.૧૩
ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે રણશિંગુ ફુકાઈ ગયા બાદ હવે તમામની નજર ઉમેદવારોની પસંદગીને લઈને કેન્દ્રિત થઈ ગઈ છે. ભાજપમાં ઉમેદવારોની યાદીને લઈને ભારે સસ્પેન્સની સ્થિતિ પ્રવર્તી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ પ્રમુખ અમિત શાહ આ વખતે પણ આક્રમક રણનિતી તૈયાર કરવામાં વ્યસ્ત છે. ઘણા વર્તમાન ધારાસભ્યો માની રહ્યા છે કે મોદી અને અમિત શાહ શાસન વિરોધી પરિબળોને રોકવા માટે તેમની વર્તમાન ધારાસભ્યોને ટિકિટ નહી આપવાની ફોર્મ્યુલાને ફરી એકવાર અજમાવશે. જો કે કેટલાક એમ પણ માની રહ્યા છે કે હવે સંજોગો જુદા પ્રકારના બેસી રહ્યા છે. મોદી અને શાહ પોતાની જુની અને સફળ ફોર્મ્યુલા ફરી એકવાર અજમાવી શકે છે. જો કે, રાજ્યના નવા રાજકીય સમીકરણની સ્થિતિ વચ્ચે નવી રણનીતિ ઉપર પણ વિચારણા કરવામાં આવ શકે છે. એકબાજુ પાટીદાર નેતા હાર્દિક પટેલ, ઓબીસી નેતા અલ્પેશ ઠાકોર અને દલિત નેતા જિગ્નેશ મેવાની કોંગ્રેસ સાથે દેખાઈ રહ્યા છે. આવી સ્થિતીમાં આ અસંતુષ્ટ લોકો ભાજપની સામે નવા પડકારો ઉભા કરી રહ્યા છે. નવા ઉભા થઈ રહેલા પડકારો વચ્ચે ભાજપ કેટલીક બેઠકો પર નવા ઉમેદવારોને મેદાનમાં ઉતારે તેવી શક્યતા છે. મોદીએ પહેલા પણ આ ફોર્મ્યુલાને સફળ રીતે અમલી કરી છે. વર્ષ ૨૦૦૭ની ચૂંટણીમાં મોદીએ ૪૭ વર્તમાન ધારાસભ્યોને




ટિકિટ આપી ન હતી. જો કે વર્ષ ૨૦૧૨માં રણનિતીમાં આંશિક ફેરફાર કરવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૧૨માં વિધાનસભાની ચૂંટણીમા મોદીએ આ સંખ્યા ઘટાડીને ૩૦ કરી હતી. એ વખતે કેશુઈ પટેલની ગુજરાત પરિવર્તન પાર્ટીએ ભાજપની સામે કેટલાક પડકારો ઉભા કર્યા હતા. આવી જ રીતે વર્ષ ૨૦૦૨માં ચૂંટણીમાં મુખ્યપ્રધાન તરીકે પ્રથમ વખત રહેલા મોદીના નેતૃત્વમાં ભાજપે ૧૨૧ ધારાસભ્યોપૈકી ૧૮ને પડતા મુકી દીધા હતા. આ વખતે કેશુબાઈ પટેલ કોઈ ખતરા તરીકે નથી. જો કે આના કરતા વધારે તકલીફ દેખાઈ રહી છે. હાર્દિક પટેલના નેતૃત્વમાં પાટીદારો દ્વારા આ વખતેવધારે મોટા પડકારો ઉભા કરવામાં આવ્યા છે. હાર્દિક પટેલ કેશુભાઈ જેટલુ મોટુ કદ ધરાવતા નથી પરંતુ પ્રથમ વખત પાટીદારો અનામતને લઈને આટલી હદ સુધી નારાજ થયા છે. બીજી બાજુ કોંગ્રેસે પહેલાથી જ જાહેરાત કરી છે કે તે તમામ વર્તમાન ધારાસભ્યોને ટિકિટ આપનાર છે. હાર્દિક પટેલન સાથે વાતચીત કરવામાં આવ્યા બાદ કોંગ્રેસ પાર્ટી ઉમેદવારોના નામની જાહેરાત કરી શકે છે.

# જન અધિકાર નેતાને રાહુલ ગાંધીની હકારાત્મક ખાતરી

અમદાવાદ,તા.૧૩
ફિક્સ પગારના કર્મચારીઓ, ખેડૂતો, આંગણવાડી અને આશાવર્કર બહેનો સહિતના કર્મચારીઓ માટે સરકાર સામે જબરદસ્ત લડત અને આંદોલન ચલાવનાર જન અધિકાર મંચના યુવા નેતા પ્રવીણ રામે ગઈકાલે મોડી સાંજે રાહુલ ગાંધી સાથે મુલાકાત બેઠક યોજી હતી. જેમાં પ્રવીણ રામ દ્વારા ફિક્સ પગારના કર્મચારીઓ, ખેડૂતો, આંગણવાડી-આશાવર્કર બહેનો સહિતના મુદ્દે રાહુલ ગાંધીને વિગતવાર રજૂઆત કરી હતી. જે અંગે રાહુલ ગાંધીએ પ્રવીણ રામ સહિતના આગેવાનોને હકારાત્મક હૈયાધારણ આપી હતી. રાહુલે તેમના મુદ્દાઓને જેન્યુઈન અને ચૂંટણી ઢંઢેરામાં સમાવાય તેવા ગણાવ્યા હતા. જો કે, ચૂંટણી ઢંઢેરાની મહત્વની કામગીરી સામ પિત્રોડા સંભાળતા હોવાથી હવે પ્રવીણ રામ અને તેમના સાથીઓ આવતીકાલે કોંગ્રેસના દિગ્ગજ નેતા અને જાણીતા ટેકનોક્રેટ સામ પિત્રોડા સાથે મુલાકાત કરશે. ગુજરાત કોંગ્રેસ દ્વારા આ વખતે ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ જીતવા માટે એડી ચોટીનું જોર લગાવવા સાથે જાણે બધી જ તાકાત લગાવી દીધી છે અને ચૂંટણી વ્યૂહરચનાના ભાગરૂપે અનેક નિર્ણયો અને તડજોડ થઈ રહ્યા છે. જેમાં ઓબીસી નેતા અલ્પેશ ઠાકોરને કોંગ્રેસમાં ખેંચી લેવામાં તો કોંગ્રેસને સફળતા મળી ગઈ છે. એ પછી તાજેતરમાં જ રાહુલ ગાંધીની દલિત નેતા જીગ્નેશ મેવાણી સાથે પણ બેઠક યોજી કોંગ્રેસ તરફી પલ્લું ભારે કરવામાં સફળતા મેળવાઈ અને હવે જન અધિકાર મંચના યુવા નેતા પ્રવીણ રામને પોતાની છાવણીમાં બેસાડવાના પ્રયાસો કોંગ્રેસે હાથ ધર્યા છે. ગઈકાલે મોડી સાંજે કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી અને જન અધિકાર મંચના યુવા નેતા પ્રવીણ રામ વચ્ચે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. પ્રવીણ રામ સાથે તેમના સંનિષ્ઠ કાર્યકરો હિતેશ ગુપ્તા સહિત સાત જણાંનું પ્રતિનિધિમંડળે રાહુલ ગાંધીને સાત જેટલા મહત્વના મુદ્દા રજૂ કર્યા હતા.